# વડોદરાની મેં. શાંતીલાલ બી. પટેલ કંપનીને રાજ્ય સરકાર હસ્તકનાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનાં કામ માટે “બેસ્ટ પ્રોજેક્ટ” નો રાષ્ટ્રીય સ્તરનો વિશ્વકર્મા – ૨૦૧૨ એવોર્ડ

મેં. શાંતીલાલ બી. પટેલ – વડોદરા દ્વારા પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રાજ્યનાં વિવિધ જીલ્લાઓ મુખ્યત્વે પંચમહાલ, દાહોદ, આણંદ, વડોદરા, કચ્છ, ભરૂચ વિગેરેમાં રસ્તાઓ બનાવવાનું કામ કરવામાં આવે છે. ગુણવત્તા સભર અને સમયસર રસ્તાઓનું બાંધકામ પૂર્ણ થવાને કારણે અંતરિયાળ આદિવાસી વિસ્તારોને મળેલી રસ્તાની સુવિધાઓથી પ્રભાવિત થઇને કેન્દ્ર સરકારનાં આયોજન મંડળ દ્વારા સ્થાપિત કંસ્ટ્રક્શન ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ કાઉન્સીલ (સી.આઇ.ડી.સી.), ન્યુ દિલ્હી દ્વારા “વિશ્વકર્મા એવોર્ડ-૨૦૧૨” કેન્દ્ર સરકારનાં માનનીય મંત્રીશ્રી વિરભદ્રસિંહનાં હસ્તે ૨૫૭.૪૯ કીમીનાં કુલ ૧૧૪ રસ્તાઓ નવ માસમાં પૂર્ણ કરવા બદલ અર્પણ કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય સ્તરની ૩૯ કંપનીઓ પૈકી ગુજરાત ખાતે બે સંસ્થાઓને એવોર્ડ આપવાની જાહેરાત થયેલ છે. બે સંસ્થાઓ પૈકી સરદાર સરોવર નર્મદા નિગમને હાઇડ્રો પાવર પ્રાજેક્ટ તરીકે તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર હસ્તાકનાં “પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના” માટે આ કામનાં ઇજારદારશ્રી મેં. શાંતીલાલ બી. પટેલ – વડોદરા, “બેસ્ટ પ્રોજેક્ટ” તરીકે તા. ૧૦.૦૩.૨૦૧૨ નાં રોજ ન્યુ દિલ્હી ખાતે કંપનીનાં પાર્ટનર શ્રી મહેન્દ્રભાઇ ડી. પટેલને “વિશ્વકર્મા એવોર્ડ-૨૦૧૨” કેન્દ્ર સરકારનાં માનનીય મંત્રીશ્રી વિરભદ્રસિંહનાં હસ્તે એનાયત કરવામાં આવેલ છે. જે ગુજરાત માટે ગર્વ લેવાની બાબત છે. આ એવોર્ડ ઉપરાંત મેં. શાંતીલાલ બી. પટેલ – વડોદરા કંપનીનાં ૪ કર્મચારીઓને સર્વશ્રી (૧) સુરેન્દ્રસિંહ સિસોદીયા (૨) મેહુલ બી. જોષી (૩) મનોજ વી. જાદવ (૪) નાનભાઇ એલ. ખાંટ ને પણ જે તે ક્ષેત્રેમાં ઉત્તમ કામગીરી માટે એવોર્ડ તા. ૧૦.૦૩.૨૦૧૨ નાં રોજ ન્યુ દિલ્હી ખાતે આપવામાં આવેલ છે.

દર વર્ષ સી.આઇ.ડી.સી. વિવિધ ક્ષેત્રે એવોર્ડ પ્રદાન કરે છે – તેમાં ભાગ લેવા સી.આઇ.ડી.સી. – ન્યુ દિલ્હી દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે.



Construction Industry Development Council

CIDC Vishwakarma Award 2012

Upon the Recommendation of the Jury,
This Scroll of Commendation is hereby presented to
M/s Shantilal B. Patel for
Rural connectivity in remote tribal areas - 257.49 Kms of 114 nos of roads under PMGSY
completed in 9 months in Panchmahal District, Gujarat
For Category
Achievement Award for Best Project - Transportation, Infrastructure,
Power, Housing and Urban Development

March 10, 2012
New Delhi

Shri Chander Verma
Chairman, CIDC

Dr. Uddesh Kohli
Chairman Emeritus, CIDC